

પદવી મળ્યાની ઉજાણી : વડોદરા નજીકના પારૂલ કેમ્પસમાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ પદવીદાન સમારંભ બાદ તેમની વિશેષ કેપ આ રીતે ઉછાળી આનંદ વ્યક્ત કર્યો હતો. (તસવીર : કીર્તિ પડિયા)

## રોજના ૮૩ રૂપિયા કમાતા શિક્ષક શું ભણાવે

# વિદ્યા સહાયકોના શોષણથી શિક્ષણની ગુણવત્તા કથળી

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષકનું શોષણ થાય છે, પરિણામે પેટના ખાડાની ચિંતામાં શિક્ષક દિલ દઈને વિદ્યાર્થીઓને ભણાવી શકતો નથી, જેના પરિણામે બાળકોનું શિક્ષણસ્તર કથળે છે. છેવટે વિદ્યાર્થીના પરિણામ પર વિપરીત અસર થાય છે, જેનો ભોગ વિશાળ વિદ્યાર્થીઆલમે બનવું પડે છે. દેશના અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતી વિદ્યાર્થી પાછો પડતો જાય છે.

## ગુજરાતમાં ઉદ્યોગપતિઓને જમીન મળે છે, આદિવાસીઓને નહીં : કેન્દ્રીય પ્રધાન ચૌધરીનો આક્ષેપ

કેન્દ્રના આદિવાસી બાબતોના રાજ્ય પ્રધાન ડો. તુષાર ચૌધરીએ આજે વડોદરામાં જણાવ્યું હતું. ગુજરાતની પ્રાથમિક શાળાના શિક્ષકને વિદ્યાસહાયક તરીકે મહિને માંડ ૨૫૦૦ રૂપિયાનું વેતન મળે છે, એટલે એક દિવસનો પગાર રૂા.૮૩.૮૮ થયો. આટલી રોજગારીમાં આજની મોંઘવરીમાં શિક્ષકનું કેમ પૂરું થાય ? આથી એણે આવકના અન્ય સ્ત્રોતો ઉભા કરવાની મથામણમાં એ પોતાના શિક્ષણ કાર્ય પર પૂરતું ધ્યાન આપી શકતો નથી, જેની છેવટે અસર વિદ્યાર્થીઓના ભણતર પર પડે છે અને રાજ્યમાં બોર્ડના પરિણામ ઉત્તરોત્તર ઘટતા જાય છે.એમણે કહ્યું કે ગુજરાતની ભાજપ સરકારે ત્રણ - ત્રણ ડીગ્રી ધરાવતા શિક્ષકોના પગાર રૂા.૪૦૦૦માંથી ઘટાડીને રૂા.૩૫૦૦/- કરી નાખ્યા છે. એ રીતે પણ ગુણવત્તાસભર શિક્ષણના વિચારને ફટકો માર્યો છે.વડોદરા નજીક લીમડામાં પારૂલ મેનેજમેન્ટ કોલેજના કોન્વોકેશન પ્રસંગે આવેલા ડો. ચૌધરીએ કહ્યું હતું કે અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતમાં આદિવાસીઓને જમીન ઓછી અપાતી હોવાનો આક્ષેપ કર્યો હતો. ઉદ્યોગપતિઓને સેંકડો એકર જમીનની લ્હાણી કરતી રાજ્ય સરકાર આદિવાસીઓને જીવનગુજારા પૂરતી જમીન પણ આપવા તૈયાર નથી. એમણે કહ્યું કે રાજ્યમાં પોણા બે લાખથી વધુ આદિવાસીઓએ કરેલી જમીનની માગણી સામે પૂરા ૧૫૦૦૦ લોકોને પણ એ પૂરી પડાઈ નથી.

## પારૂલ પીજીડીએમમાં પદવીદાન

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

વાઘોડિયા તાલુકાના લીમડા ગામે આવેલી પારૂલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ પ્રોગ્રામની પ્રથમ બેચના ૬૦ વિદ્યાર્થીઓને આજે કેન્દ્રના આદિવાસી બાબતોના રાજ્ય પ્રધાન ડો. તુષાર ચૌધરીની ઉપસ્થિતિમાં પદવી એનાયત કરાઈ હતી.આ જુથમાં પ્રથમ સ્થાને રહેલા વિદ્યાર્થી જીતેન્દ્ર પટોલિયાને સુવર્ણચંદ્રક, જ્યારે દ્વિતીય ક્રમે રહેલા વિદ્યાર્થી નિકુંજ પટેલને રજતચંદ્રક અર્પણ કરાયા હતા.